પ્રીનસની પધરામણી

યાને

નામદાર માહારાણી વીકટોરીઆના
વડા પુતર પરીનસ આફ વેલસની
તેની મુંબઈની મુસાફરીનો
ટુંક હેવાલ.



બનાવનાર,

દારા.



મુંબઈ વરતમાન પરેસ

—o—

સને ૧૨૪૫ ઇઅજદેજરદી.

સને ૧૮૭૬ ઇસવી.

કીમત બે આના.

૧૭૫૪

દીબાચો.

લેઊછું પરથંમ પાક હોરમજદનું નાંમ,
કે જેહુ દુનીઆંની રચનાં પેદા કીધીછે તમાંમ.

આએ નોંધનાં ચોપાંનીઆં વીશેનો હેવાછે શાર.
જીનસ આઆનો હેવાલ નથી પરેઆ બાહાર

એ બાબદ ઉપર કોઇએ ન પોહોચાડી
વીદીઆરથીઓની એ આલશાઇને.

જીનસને જોઇને મારો જીવ થાએઓનો ખુશાલ,
કોશેરાઇઊ માહાર મંન હેનો લખવા હેવાલ.

કવીતાનાં આકારમાં લખવું સહુરૂ કરીઊંચ,
દોનાવોની શેવામાં તઇઆર કરી ધરીઊંચ.

માહારામાં કોઇબી વીદીઆનું નથી કાંઇ બલ,
એ હેવાલ લખીઓછે મારી નાંકેશ વાપરી અકલ.

ભુલચુક હોએ તે શુધારજો આ ઇઆર,
જીગરથી હું માંનસ તમારો ઉપકાર.

આએ જાહેરમાં પેહેલી કોશેશછે એ બાઇ,
આએ લખીને હું નથી માંગતો કશી મોહોટાઇ.

લખીઓચ ટુક શાર મુંબઇની રચનાંનો,
બીજો લખીઓછે વરોડરા સાથે પુનાંનો.

હું છું એક ગરીબ અથોરનાંન,
નોશારી કશબામાં માહારૂછે મકાંન.

પ્રીનસની પધરામણી.



જાંઆંમા બોહોળુછે ઇંગરેજી રાજ,
સોંદાગરીઆનાં માંથાપર ઝલકેછે તાજ.

દયાળુ ને માંએઆળુ છે એ ખુબીવંત નાર,
હેનાં હેવા ગુણપર રઇએત રેહેછે વફાદાર.

અદલ અને રાસતી હેનાં રાજનાંછે કાએદા,
શરવે એક શરખા ભોગવેછે છુટાપણાંનાં ફાએદા.
ગરીબ ને તવંગરોનો છે એકશરખો ઇનસાફ,
વફાદાર નોકરોને પેનસનથી મલેછે શીતાબ.

દરીઆઇ કાફલાનુ હેનુ રાખશીછે બલ,
બીજાં રાજનાં કાફલાઓ હેનાંથીછે હેઠલ.
બનાવીછે એને તોપો હેવી રાખશી કદવાલી,
કે ગમે હેવી રાખશી મનવારોને એ નાંખેછે ફાડી.

ચાંમેથાંમ બુલંદ ઊડેછે એ રાજની ધજા,
રઇએત શુખ ચેનથી વશી કરેછે મજા.

એ રાજમા લોકોનો બોહોલો ચાલેછે વેપાર,
કરોડો ને અબજનો દર વરશે આવેછે શુમાર.

એ રાજનાંછે પરધાંનો શીઆંનાં ને અકલમંદ,
રાજનીતી ચલાવવાની ઊંચી રાખેછે સમજણ.

શુલેહની જાલવણીપર પહેલું આપેછે ધ્યાંન,
અને તાંહાંશુધી ન જોતા એ લોક લડાઇનું મેદાન.

લંડન જે છે નામીચુ રાંણીનુ પાએતખત શેહેર.
ને શીરતાજની બરપુર છે એ શેહેરના ઉપર મેહેર.
જર અને જવેરાનો તાંહાં નથી કંઈ શુમાર.
અમીર ઉમરાઓનાબી નથી કંઈ પાર.

દુનીઆંના એ નાંમીચુ શેહેર એ બાબે,
કોઈબી ચીજની કમીઆ નથી કંઈ કોનાઈ

માહારાંણીનાં ચેઆર છે નેકબખત પુતર.
પ્રીનસ વેલશ, આલફ્રેડ, લીઓપોલ્ડ ને આરથર.

બીજાને થાએઓ હીનદ જોવાનો શોક,
તાંહાં ફરી કરવા શેકાર ને મોજ શોક.

કીધી પોતાની માંતાને હીનદ જાવા અરજ,
એ વાલા બેટાની ઉમેદની તેને જણાઈ ફરજ.

આપી રજા હીનદ જાવા પોતાનાં બેટાને,
હોકમ કીધો અમલદારોને હેની સંભાલ લેવાને.

ફેરાવ પરમાંણે પેહેલે આએઓ કલકતા અંદર,
ખુશી થાએઆં હીનદનાં લોક ગરીબ કે તવંગર.

અઢારશો સીતેરનુ તે અંગરેજી હતુ શાલ,
હીનદનાં લોકનાં અવકારથી તે બહુ થાઓ ખુશાલ.

એ ઉલટભરયાં માંનની પ્રીનસ વેલસનેપડી જાંન,
તારથીજ હીનદ જોવા તેણે કરીઉતુ પેઆંન.

દનબદન તે થાવા લાગો ઉમેદવાર બહુ.
ઉમેદની વાત પોતાની માતા આગલ કીધી શઉ.

એક દીન કરી રાખેઓ હીનદ જાવા ઠરાવ.
સાથે લાવવા નાંમીઆ અમીર ઉમરાવ.
ઠરાવ કીધો આવવા અઢારશો પંચોતેરનાં સાલનો
સાત મનવારો તઈઆર કીધી હેની સંભાલમાં.
ઠરાવ પરમાંણે નીકલેઓ તા૦ ૧૨ મી અકટોબરે.
આવી લાગો પેહલ વેહેલો એડનનાં બંદરે.
શીરાપીશ મનવાર પરથી ઉતરેઓ પુર દમામથી,
આવીઉ પેહલું માંનપત્ર એડન શેહેરનાં નાંમથી.
તે વાંચોઓ કાવશજી દીનશાએ એ માંનપતર,
ઉલટ ભરીઆં દીલથી એને દીધો તો ઉતર.
પરીનસને તેહેને સાથ બહુ થાહેઉ ખુશાલ.
એની યાદગારીઓ બાંધવા કાહાડી હાસપીટાલ.
આતશબાજી ને લાઈટનો આખાં શેહેરમાં શીંગાર.
કાવશજી દીનશાહનાં ઘેર શીંગારીઉં ભપકાદાર.
એક દીન રહીને ઉપરીઓ મુંબઈ તરફ.
શીરાપીશ મનવારની વધવા લાગી જહડપ.
મુંબઈમે હવે પડવા લાગી દોડધાંમ,
શેહેરને શીંગારવાપર લોક કરવા લાગુ કાંમ.
* શાત મનવારો સાથે આવી લાગો દમાંમથી,
ગોદીને રસતે ઉતરેઓ પુરતાં આદરમાંનથી.
ખુશાલીના પુકારો હરદંમ ઉઠવા લાગો,
તોપોની સલાંમતીનો આખાંહીંદમાં ગગરાટ જાગો.

---

* એ નાંમદાર તારીખ ૮ મી નવેંમબર ૧૮૭૫ ને દીને શાંજનાં પાંચ કલાકે મુંબઈને કીનારે ઉતરેઓ હતો.

ડોશાભાઇ ફરાંમજીએ વાંચીઉ માંનપતર,
ખુશી ભરીઆં દીલથી એને દીધો તો ઉતર.
ગવરનર જનરલે સરવે સાથે મોલાકાત કરાવી,
સર શાલારજંગ પાશ પેહલી શેકીન લેવરાવી.
બીજી કીધી શેકીન સર જંમશેદજી સાથ.
કીધી ટુકમો ખુશીથી બે બોલોમો વાત.
કે તમારી ને તમારા પીતાની સાંભલીછે વખાંણ
એટલુ કંહી ને ગાએકુવાર સાથે કીધી પીછાંણ.
પછી બીજા રાજાઓ સાથે મોલાકાત લીધી.
તેઓ સાથ હસીને પેઆરથી શેકીનો કીધી.
તાંહાંથી ચાલેઓ શાહજાદો માંડવની બાહાર.
એલેકજાંનડરા ઇસકોલની ફોકરીઓ હતી તઇયાર
પારસી ફોકરીઓએ ફુલથી વધાવીઆ સગન,
શાહજાદો એ કીરીઆ જોઇ થએઓ મગન.
સરઘસનાં આકારમો લઇગીઆ પરેલનાં મેહેલમો,
ખુશાલીનાં પોકારા ઉઠેઆ આખાં શેહેરમો.
રઇએતોએ પુર જોશથી દીધો તો આવકાર,
આખાં શેહેરની વસતી રસતા ઉપર રહી તઇઆર.
રસતાની બાજુ ઉપર માંચરા બાંધેઆ બેશુમાર,
[illegible] માણુશો રસતાપર જમાં થાઆં બીશીઆર.
[illegible] કીધો રાતે લાઇટનો સીંગાર,
[illegible] ખીલી રહી એ રાતે ગુલજાર.

અધારશો પંચોતેરની નવમી નવેમબરે,
એ મુબારક દીવશે શાહાજાદાની શાલગરે.

ફેરવીઉતુ લાઇટ કરવાનુ એજ દીવશે કાંમ,
પાર ઊતરીઊ સમાંધાંનીથી એ દીવશે તમાંમ.

લખું છેઉ એ મુંબઇની લાઇટનો હેવાલ,
વાંચનારાઓ જાંણીને બહુ થાશે ખુશાલ.

સરકારે લાઇટ કરવા ખરચીઆ પચીશ હજાર,
સરકારીજ મેહેલાપર કરવા સીંગાર.

તરેહ તરેહની લાઇટથી સીંગારીઉતુ મેદાંન,
બધી બાજુનાં રસતાઓ ઊપર બાંધીતી ઓરાંન.

તેપર બાંધેઆતાં રંગ બેરંગીન ફાંણશો,
એ લાઇટ કરવા રોકાએઆતાં શેંકડો માણશો.

આરકાંઓ મારેઆંતાં આખી મુંબઇના દશ,
જાંહાં પાહાદશાહી રસતાઓ આવેઆતા ફસટ.

આરકાંઓ બનાવેઆતાં બહુ કીમતી શુંદર,
ભલે આએઓ પ્રીનસ કરી લખીઊતુ અંદર.

તરેહવાર લાઇટથી શેહેરનાં સીંગારેઆ રસતા,
ઠાંમે ઠાંમ મારેઆતા શુંદર રાખશી વાવટા.

રાંણીનાં બાહુબલાંપર કીધી લાઇટ બહુ ભપકાદાર,
રંગ બેરંગીન ગેઆસનાં દબાથી કીધોતો શીંગાર.

તરેહવાર ફાંણશોથી પોસટ હાફીસ સીંગારીતી,
તેર હજાર બતીઓ એ હાફીસપર લગાવેલી.

પાસટ હાફીસની સાંમણેથી ઇજનેરોની હાફીસ
સીંગારીતી રંગ બેરંગીન ફાણુશોથી અતીશ.

રૂવી લાઇટથી એ બહુ દીપતીતી શુંદર,
મેહેલપર ગોઠવેઆં ફાંણુશો દશ હજારથી ઉપર.

એ બેહુ મેહેલોથી મુંબઇનો ખીલીઆતો દેખાવ,
હજારો માંણશોનો હીઆં થાએઆતો જમાવ.

બહુ શુંદર સીંગારીઆતો ફરીગેર ફુવારા.
એપર તરેહવાર ગોઠવેઆતા ગેઆસનાં આકારો.

છુશો સલગાવેઆતાં એપર ગેઆસનાં ગુન
એથી લાઇટનો ફેલાએઆતો ઊજાશ અફુન.

ચરચગેટનો ઓહોલો શણથી બહુ ભપકાદાર.
ગુન અને જુમરોથી તમાંમ કીધોતો સીંગાર.

પાદશાહી દેવલનોતો બહુંજ મારતોતો દમાંમ,
તરેહવાર લાઇટો કરીને સીંગારીઊતુ તમામ.

બતી સલગાવીતી એકદમ સાત હજાર,
શેતારાઓનો બનાવેઓ કટેરાઓ ઊપર આકાર.

બહુ દીપતોતો એલફીનસટન શરકલનો બાગ,
ગેઆશથીજ સીંગારેઓ એ બાગનો મોટો ભાગ.

દુર જાહાડોપર ચીનાંઇ ફાંણશો સલગાવેઆં,
ગેઆસનાં આરકાંપર શાહજાદાનાં નાંમ કોતરાવ્યાં

એવી ભપકાદાર સીંગારીતી પાદશાહી ટાઊન હાલ,
[illegible] એ લાઇટ જોઇ બહુ થાહતી ખુશાલ.

એ મહેલપર બતી સલગાવીતી તેર હજાર.
બીજો કીધોતો એપર તરેહ તરેહનો સીંગાર.
બજારોનના મોહોલાનોતો અજબ હતો દમાંમ.
બેશુમાર લાઇટ કરીને સીંગારેઓતો તમાંમ.
ચીનાઇ ફાણુશાનીતો બાંધીતી હાર,
વાવટાઓની તાંગેઆતા કંઇ બેશુમાર.
પારશીઓનીજ મેનીજથી એ થાઇઊતુ કાંમ.
વલાએત શુધી પારશીઓનુ એથી રોશાઇઊ નાંમ.
ક્રાફર્ડ મારકીટનોતો ભપકો મારતોતો બહુ.
સલગાવેઆતાં બેશુમાર વાલશતો ને જુમરો શહુ.
એ મારકીટપર સલગાવીતી બતી પંદર હજાર,
મુંબઇની રોશણીનો [illegible] મોહોટો હતો સીંગાર.
શુંદર લાઇટ કરી સીંગારેઆતાં બેહુ કાપડબજાર,
નવાં બજારને કીધોતો પુર ગેઆસથી સીંગાર.
સઊથી હતી ભીંડીબજારની લાઇટ કંગાલ,
છુટાં છુટાં ગોઠવેલાં તંમલરો હાલ હવાલ.
નાંમીચી હતી ભાંએખલા ઇશટેશનપરની લાઇટ,
તરેહવાર વાવટાઓથી બનાવીતી સાઇડ.
વીકટોરીઆ ગારડંનનોતો દમાંમ મારતોતો પુર,
એ બાગને સીંગારીઆપર ન રાખીતી કશુર.
શીંગારેઓતો એ બાગને તમાંમ ગેઆસોથી,
દેખાવ મારતો જાહાડોપરનાં ચીનાઇ ફાંનુસોથી.

ગાર્ડ ને તારાનાં આકારથી મીનારો શીગારેઓનાં
એથી એ બાગનો ભપકો બહુ મારેઓતો.

સરકારી મેહેલનોબી બહુ હતો શીંગાર,
તરેહ તરેહની લાઇટ કીધીતી કંઇ બેશુમાર.

એ વતરોગે બીજી લાઇતો ગાંમમાં હતી બેશુમાર.
જેનો હેવાલ લખતાં કબુ ન આવે પાર.

શાહજાદાએ એ દંન ભરીતી દરબાર,
મોલાકાત આએઆતા શોદાગરો ને સરદાર.

ત્રીજે દંને બચાંઓની જીઆફતનો લખુંછું હેવાલ
વાંચનારાઓ જાંણીને બહુ થાશે ખુશાલ.

એ દીને માંડવમાં બચાંઓનો થાએઓ જમાવ,
રંગ બેરંગીન દરેશથી ખુશ મારતોતો દેખાવ.

સાંમેલ થાઇ એમ રચનાંમે જુદી જુદી જાત,
દર ઇસ્કોલનાં બાલકો આએઆં વાવટાઓ સાથ

શહેર કીધું ખાવાનું ટેબલો ઉપર બેશી.
ખાતાં ખાતાં બાલકો બહુ થાતાં ખુશી.

દપોદપ મારતાતા મોહોમે પ્રકટ મીઠાઇનાં દપુશા,
ઘડી ઘડી કાહડતાતાં મોહોમેથી ખુશીનાં જોશા.

ખાઇ પીઇને બાલકો થાએઆં તઇઆર,
કરવાં લાગાં ગમતો ને મસતી ને પોકાર.

કોઇ નાચે ને કોઇતો કુદે ને કોઇતો ગાયન ગાએ,
હુવી બાલકોની રમતથી તમાંસગીરો ખુશીથાએ.

દર ઇસકુલોની ટોલીઓ હવે વંહેચાઇ ગઇ,
સરવે બાલકોની ગણતરી દશ હજાર ઉપર થઇ.

વખતપરમાંણે આવી લાગો શાહાજાદો નાંમદાર,
શેઠ દોશાભાઇએ ને બીજાઓએ દીધો અવકાર.

ખોદા સલાંમત રાખે કરીશચીઅનોએ ગાયુ ગીત,
એ ગાયન સમજવા શાહાજાદાએ લગાડીઉં ચીત

પારસી બાલકીઓએ ગાઇઉ કે તમો ભલે આવ્યા,
એ સરવે ગાએન સમજીને લોક બહુ ખુશી થાઆં.

ધનબાઇ અરદેશરે શાહાજાદાને પેહેરાવેઓ હાર,
એ પારસી બાંનુઓ હરશીને માંનેઓ ઉપકાર.

બીજો હાર પેહેરનાર મુંબઇનો ગવરનર,
પેહેરતી વખતે એ બાઇ તરફ નમાંવીઉંતુ શર.

સરની ધણીઆંની સાથે શાહાજાદાએ શેકીન કીધી,
બીજી અશતરીઓનીબી એને મોલાકાત લીધી.

કમીટીએ શાહાજાંદાનો માંનેઓ ઉપકાર,
ભાંએખલા કલબમો જાવાને થાએઓ તઇઆર.

ગાડીમાં બેઠો શાહાજાદો પુર દમાંમથી,
લોકો ખુશાલીનાં પોકારો ઉઠાવે માંનથી.

શેલરોની ઇઆરતમાંબી બારવને આએઓ,
એ ઇઆરતની રચણાં જોઇ બહુ ખુશી થાએઓ.

શેલરો કાહડતાતા હરદમ ખુશીનાં પોકાર,
પે દરપે ઉઠાવતાતા વઇન વાહરો હુરીઆકાર.

પીએ ને નાચે ને ખુશ મીજાજથી ગાએન ગાએ,
દાર બે કલાક શુધી બેશીને હુંબીની પબે ખાએ.
પછી કરાવી ખેલરો પાસ ઇનાંમોથી રમત.
એ લોકની રમતથી તમાંશગીરોને પડીતી ગમત.
ખલાસ થાઇઊ એ રમત ગમતનુ તમાંમ કાંમ
પછી ગીઆ વાજું વગાડતા પોતાને મુકાંમ.
સારાપોરી જાવા બારવને થાએઓ તઇઆર.
ગાડીઓ આએઓ શહવારે કલાક દશને શુમાર
એક શુંદર આગબોટપર થાએઓ સવાર.
સાથે ગીઆ ગવરનર કેટલાક શરકારી અમલદાર.
તાંહાં જાઇને જોઇઊં અસલી કોતરકાંમ.
એક કલાક શુધી ફરીને જોઇઊ તમાંમ.
ખાંણુ ખાઇને રાતે પાછા આવા થાએઓ તઇઆર,
કલાક નવને અમલે પાછા થાએઓ સવાર.
શરવે વાંહાંણોપર કીધોતો લાઇટનો સીંગાર,
રંગ બેરંગીન લાઇટથી દરીઆ ખીલે ગુલજાર.
તરેહ તરેહની આતસબાજીનાં ઊડવા લાગા બાંન,
ખુશી ભરીઆ દેખાવ જોઇ અજબ થાએ ઇનશાંન.
હજારો માંણશોનો પાલવાપર થાએઓતો જમાંવ,
પુર ચંદરમાની લાઇટનો ખુશ મારતોતો દેખાવ.
શાંહાજાદાની આગબોટની દીશવા લાગી નીશાંન,
[illegible] પોકારાથી લોકોએ આપીઊ માંન.

ગોદીને રથતે ઊતરીને ગએઆ પરેલ,
લોક પાછું ફરવા લાગુ કરી પાલવાની શેહેલ.

બારવને ગાએકવારનાં શેલરહોમની કીધી કીરીઆ
અમીર ઊમરાઓને એ સલામે નોતરીઆ.

કીરીઆ કરીને શેલર હોમને મુકીઊં ખોલુ,
એ મેહેલનુ શુંદર કાંમ ઘણુંછે બોહોલું.

બારવન ગો[illegible] નાખવા ગએઆ પાએઆ,
ફરીમેશંનનો દરશ પોતે પેહેડી આએઆ.

દબદબાથી શાહાજાદાએ કીધી કીરીઆ,
મુંબઇનાં શરવે ફરીમેશંનોને હમો નોતરીઆ.

ફરીમેશંન વાલાઓએ આપીઊ એક માંનપતર,
લાએકી ભરીઆ શબદોમાં એને દીધા ઊતર.

એ ગોદી બાંધવાનુછે પચાશ લાખનુ કાંમ,
પરીનસ ગોદી કરી એનુ રાખીઊછે નાંમ.

બારવંને ફરીમેશંનોએ આપેઓતો બાલ,
શીંગારીઓતો પુર લાઇટથી ટાઊનહાલનો હાલ.

શાહાજાદોછે શરવે ફરીમેશંનોનો વડો પીર,
એ બાલમો ન જાવાથી તેઓ થાએઆ દલગીર.

ભાંએખલા કલબ વાલાઓએબી આપેઓતો બાલ,
તોહાં ખાઇ નાંચીન શાહાજાદો થાએઓ ખુશાલ.

ઠાંમે ઠાંમ બધે ચાલે બાલો ને નાચ રંગ,
એ શરવે જોઇને શાહાજાદો થાએઓ દંગ.

રાજાઓનાં દોર દમાંમથી મુંબઇ હલીમલી રહી
હજારો માણશોનાં ટોળાં જોવા ફરે હુંઇ તહી.
મોટા મોટા રાજાઓને ઘેર ગએઆ એ મોલાકાતે,
નજરાંનાં કીધાં આંમણ સાંમણ પોતાને હાથે.
દંન તરણ ગીઓતો શાહાજાદો પુનાંની અંદર,
તાંહાંથી ખાંનબાહાદુર પદમજીએ વાંચીઉ માંનપતર
પુણાંનાં રેહેવાશીઓએબી શારો દીધોતો અવકાર,
આતશબાજી સાથે લાઇટનો કીધોતો શીંગાર.
પછી ગએઓ મુંબઈથી શાહાજાદો વરોડરૂ જોવા,
ઇશટેશનપર આએઓ માહારાજા અવકાર દેવા.
તોપોની શલાંમતી શાથે મોલાકાત લીધી,
ખુશી ભરીઆં દીલથી માહારાજાશાથે શેકીન કીધી.
હાથીપર બેશાડીને લઇ ગએઆ પુર દમાંમથી,
ખુશી થાએઓ શાહાજાદો પોતાને મલેલાં માંનથી.
આતશબાજી અને લાઇટનો પછી કીધો શીંગાર
ગએઓ બારવને શાહાજાદો હરનનો કરવા શેકાર.
આખો દીવશ જંગલમાં ભટકીને મારીઆં હરન,
પોતે એ શેકાર મારેઆથી થાએઓતો મધંન.

માહારાજાએ શાહાજાદાને આપેઓતો બાલ,
પુર લાઇટથી શીંગારેઓતો મોતીબાગનો હાલ.
પછી માહારાજાએ કરાવીતી તરેહ તરેહની રમત,
હાથીની સાઠમારીનીબી કરાવીતી ગમત.

જમનાંબાઈની પોલે મોહાડે લીધી મોલાકાત,
ઘણો વખત બેશીને શાહાજાદાએ કીધીતી વાત.

ભરૂચ અમદાવાદનું આઇઊ ડેપીઊટેશન,
આએઆતા નાંમીચા શોદાગરો ઘણાંએક જણ.

દેખાડી માંનપતરોમે પોતાની વફાદારી,
શરવેની શાહાજાદાએ મોલાકાત લીધી શારી.

માંનેઆ શરવેનો દીલોજાંનથી ઘણો ઊપકાર,
ને બોલીઆ કે તમો છેઆ રાંણી તરફ વફાદાર.

એટલું બોલીને શરવે શાથ શેકીન કીધી,
ડેપીઊટેશને નમીને વદીઆગીરી લીધી.

શુરતનાં શોદાગરોનુબી આઇઊ ડેપીઊટેશન,
એ લોકનાં માંનપત્રથી શાહાજાદો થાએઓ મગંન.

માહારાજાની પરાંનાં ગતથી તે બહુ ખુશી થાઓ,
ચાર દીવશ રેહીને મુંબઈ જાવા તઈઆર થાઓ.

માહારાજા શાથ શટેશનપર ફેરી મોલાકાત લીધી,
પેઆરનાં જોશાથી એકેકશે શેકીન કીધી.

લોકોએ ઊડાવેઓ ખુશાલીનો પોકાર,
આગની ગાડીપર પછી થાએઓ શવાર.

ખબર પડી મુંબઈને શાહાજાદાને આવાની,
તઈઆરી કીધી પરજાએ એશતેકબાલ જાવાંની.

ગવરનર ને અમલદારોનો થાએઓ જમાવ,
લશકરી શંફનો દીશવા લાગો શુંદર દેખાવ.

આવી લાગી ગાડી ઇશટેશન ઉપર,
ટોપોની શલાંમતી પડી ધરોધર.

ઉઠવા લાગો હરદંમ ખુશાલીનો પોકાર,
પોતાની મંનવારપર જાવા શાએઓ તઇઆર.

શરવેની શાથ શેકીન બઇને પુર દમાંમથી ગએઓ,
મુશાફરીની થાક ઉતારવા આપો દીવશ રેહેઓ.

બારવને થાઇ મુંબઇને આતશબાજી,
તરેહવાર બનાવતો ઉડીઆથી રહઇ મુંબઇ ગાજી.

તાજ મેહલનો બલતો ખુબશુમાં દેખાવ,
મુંબઇની ખલકનો કીઆં શાએઓતો જમાવ.

એ આતશબાજીપર ખરચેઆ દશ હજાર,
શવા કલાક દારૂખાંનુ ઉડારીને જર કીધો ખુવાર.

શર જંમશેદજીને ઘેર ગએઓ મોલાકાતે,
ઉમરાવો તથા શર બારટલ ફ્રીઅર શાતે.

શર જમશેદજી શાથ પેહેલી કીધી શેકંન,
શરનું કુટુંબ જોઇને બહુ થાએઓતો મગન.
શર જમશેદજીએ કેટલું એક નજરાંનુ કીધુ,
ઉપકાર માની ખુશી થાઇને તે લીધું.

તેમાં હતી એક બહુ કીમતી ટેબલ,
[illegible]કાઇમે હતુ એક પાનીઆનું દલ.

[illegible]ી પાહેરાઇઆ તે શાન ફુતની ઉપર,
[illegible] હતી દશ ફુતની અનદર.

પછી શર જમશેદજીને પહેરાવેઓ શુનાંમો શાંન,
પોતાની મુશાફરીની એ આપી નીશાન.

આપી સાથે કેટલીએક કીમતી કેતાબ,
પોતાનુ નાંમ લખીને આપીતી શેતાબ.

પોતાની માંતાની ને ધણીઆંનીની આપી સબી,
શર જમશેદજીનાં જેવુ માંન ન મલશે કોઇને કબી.

ખરશેદજી ફરદુનજી સાથ સરે કરાવી ઓલખાંણ,
એવણે વાંહાંણ બાંધીઊતુ તેની આપી નીશાંન.†

વાંહાંણને આપીઊતુ શાહાજાદાના વડા બેટાનુ નામ,
ખુશી થાએઓ એ શેઠીઆનુ હેવુ જોઇ કાંમ.

પોતાનાં કુટંબ તરફ એ શેઠનો જોએઓ પચ્યાર,
નમીને શેકીન લઇને એ શેઠનો માંનેઓ ઊપકાર.

એની ધણીઆંનીએ એ વાંહાંણની કીધી કીરીઆ,
એ સમજીને ખુશી થાઇને શરવે જણ ફરીઆ.

અરધો કલાક શુધી વાતચીત કીધી,
જાતી વખત શરવે સાથ શેકીન લીધી.

બોલીઓ કે મારી માંએ કીધીતી એલતેમાશ,
કે શર જમશેદજીની મોલાકાત લેવી ખાશ.

ઇજાંન કીધુ શરને પોતાની મંખવારપર આવવાનુ,
પોતાનાં શરવે કુટંબનેબી શાથે લાવાનુ.

---

† શેઠ ખરશેદજી ફરદુનજીએ વેલાત ખાતે એક વાંહાંણ બંધાવેલ હતું તે વાત કહી સંભલાવી હતી.

શર જમશેદજી પછી શીરાપીશપર ગીઆ,
શરને અવકાર દેવા અમલદારો તઈઆર રહુઆ.
શરે જાઈને શેકીંડ કીધી શાહાજાદા શાથે,
શીરાપીશપર શાથે ફરીઆ પોતે જાતે.

ને દેખાડી શરવેને પોતાની મંનવાર,
ફરૂટ મીઠાઈનો નાશતો રખાવેઓ તઈઆર.
તેપર બેશાડી, સલાંમતી લેવાડી શર જમશેદજીના
બીજી લેવરાવી વીકટોરીઆ રાંણીજીની.

ખાઈ પીઈને શરવે થાએઆં ખુશી,
વદેઆ કીધા શરને શેકીંડ લઈને હુશી.

શર કાવશજીને મલવા શાહાજાદાએ મોકલી ખબર,
ગએઓ એ ખબર લઈને પોલીશ કમીશનર શુટર.
એ શેઠે પોતાની હમેશની માંદગી જણાંવી,
ઊપકાર માંનીને મોલાકાત લેવા નાં કેહેવાડી.

એ સમજીને શાહાજાદો થાએઓ દલગીર,
પોતાની માંતા ને ધણીઆંનીની મોકલાવી તશવીર
બીજા દેશીઓને ઘેરબી ગએઓતો મોલાકાતે,
લીધી મોલાકાત શર મંગલદાશ સાથે.

પછી ખ્વાજાઆખાંનને ઘેરબી મોલાકાતે આએઓ,
એ મોલાકાતથી તે બહુ ખુશી થાએઓ.

તાંહાંથી ડેવીડ શાશુનને તાંહાંબી ગએઓતો,
એ વેપારીની મોલાકાત લઈને પાછો ફરેઓતો.

એ વેપારીએ રૂપીઆ કાહાડીઆ પચાશ હજાર,
ઘોડેશવાર બાવલાંથી નાંમ રાખવા ઇઆદગાર.

મુંબઇને આવી ગએઆની એ રેહેશે નીશાંણ,
મુંબઇપર એ વેપારીનુ હમેશનુ રેહેશે હેશાંન.

એક પારશી બાંનુએ તીલીની ટોપી આપી ભેટ,
આપનાર આંદંનબાઇ હોમજી દાદીશેઠ.

એ શુંદર ટોપી લઇને શાહાજાદો થાએઓ ખુશી,
ઊપકાર માંનેઓ એ બાઇનો ખુશ દેલથી હશી.

એ બાઇછે શર જમશેદજીની વાહાલી બેટી,
ચંચલાઇ સાથે ધરાવેછે બહુ ખુબસુરતી.

શાહાજાદો જોવા આએઓ દખમાંનો ડુંગર,
શરપર ચીઠી લખેઆથી ગએઆ તેપર.

વખતશર આવી લાગો શાહાજાદો નાંમદાર,
શર જમશેદજીએ નમીને દીધો આવકાર.

શરની પુછી શાહાજાદાએ ખબર અંતર,
પછી શેકીન લઇને શાહાજાદાને લઇ ગીઆ ઊપર.

ડુંગરપરની સફાઇ જોઇને થાએઓ ખુશ બહુ,
શેકરેટારીએ દખમાંનો પ્રારમ બતાવેઓ શહુ.

ને સમજાવી દખમાંઓની સરવે ખુબી,
બોલીઓ શાહાજાદો કે એથી હવા બગરે ન [illegible]ી.

દુરબીનની મારફતે જોએઓ મુંબઇનો દેખાવ,
જોએઓ એને મુંબઇનો દેખાવ ખુ[illegible].

પછી ફુલ તોરા આપીને વદીઆ કીધો,
વાલકેશવરનાં મેહેલમો જાવા રસતો લીધો.

શોરાબજી જમશેદજીએ પેહેલા બારોનેટનાં પુતર,
બનાંવેઓ એક રૂપાંનો ચાંન બહુ શુંદર.

એક બાજુપર પોતાના પીતાનો કોત્રાવેઓ ચીતાર,
બીજી બાજુપર ભેટઆપેઆનો કોતરાવેઓ શાર.

શાહાજાદાને પછી એ ભેટ આપેઓ ચાંન,
ને બતાવીઊ શાહાજાદાપર પોતે હેત ને માંન.

સાથે આપેઆ પોતાનાં પીતાનાં ફોટોગરાફ,
પોતેજ પાડેલા એ ફોટોગરાફ શુંદર ને શાફ.

શાહાજાદાએ એ ભેટ લઈને માંનેઓ ઊપકાર,
પારશી ટોલોછે ઈંગરેજો તરફ બહુ વફાદાર.

દશતુર પેશુતનજી બેરાંમજીએ આપીઊ માંનપતર,
પેહેલવી જુબાંનમો શુનેરી લખીઆ અખશર.

શાહાજાદાએ કબુલ કરીને આપીઊ માંન,
દશતુરજીનાં એ માંનપતરની બહુ થાઈ વખાંણ.

દશતુર જામાંસજી મીનોચેરજીએ આપીઊ માંનપત્ર
પેહેલવી જુબાંનમો કેટલીએક લખી શતર.

તેનો ઊતર શાહાજાદાએ પાછો વાલેઓ,
તેમો ઘણો ઊપકાર દશતુરજીનો માંનેઓ.

તે પછે મેદાંન જાવા શાહાજાદાએ કીધો ઠરાવ
જાણી જમાત માંન આપવા લોક થાઈઊ જમાંવ.

રસતાઓ ઊપર મચી રહી લશકરની ધુમધાંમ,
આવી લાગો પરેલથી શાહાજાદો કરતો સલાંમ.

પછી ગએઓ શાહાજાદો ગોદીની અંદર,
શરવેની સાથ શેકીન લઈને ગએઓ મંનવારપર.

લોકોએ ઊઠાવેઓતો ખુશાલીનો પોકાર,
ધીમે ધીમે ચાલવા લાગી શીરાપીશ મંનવાર.

ટોપોની સલાંમતીનુ માંન પરવા લાગું,
લોકો ચોમેર પાછું વીખરાવા લાગું.

મુંબઈની રચણાં હવેથી થાઈ તમાંમ,
કોઈબી દંન ન થાશે હેવો મુંબઈનો દમાંમ.

રેલવેની ગાડીપર હવે ચાલવા લાગો દોર,
ગાડીઓ ભરે ગરીબોને જેમ જણાંવરો ને ઢોર.

રાજાઓની વદેઆગરીનાં ટોપનાં પડે ધડાકા,
રાજાઓ આવેઆથી વેપારીઓને પડીઆ તડાકા.

શાહાજાદાની પધરાંમણીમાં હાપીશોનુ બંધ કાંમ,
દીન ૧૦ ખુશીનાં ગુજારીને ઊગાડી તમાંમ.

શાહાજાદાએ મુંબઈને આપેઆ દશ હજાર,
ગરીબ ખાતાંઓને કરવા મદતગાર.

પુણાંનેબી આપીતી રકમ રૂપીઆ પંદરશોની,
મદત કરવા નાંચાર બેચાર ગરીબોની.

રગટપીટની બાંધવા ધારી એક હાસ્પીટાલ,
શાહાજાદાનુ નાંમ રાખીને તેને કરવા ખુશાલ.

પારશીઓએ એમા નાણાંની મદત કીધી બહુ,
એ હસપીટાલમા સાંમેલ થાઇ પરજા શઊ.

આવકાર દેનારી કમીટીએ લાખનો કીધો ખરચ,
એ કમીટીએ પુર મેહેનત લઇને બજાવી ફરજ.

મીઊનીશીપાલ કમીટીએ આપેઆ પચાશ હજાર,
શાહાજાદાનાં માંનને શારૂ કરવા મુંબઇમા શીંગાર

ચાર માસમા જોઇ રહુઆ આખું હીંદોસથાંન,
જાંહાં ગીઆ તાંહાં શાહાજાદાને ભારી મલીઊ માંન

લખો રૂપીઆની થાઇતી ભેટો ને શોગાત,
પશુ પંખીની તરેહ તરેહની રાજાઓએ આપી જાત

શાહાજાદો ગએઆતો શેકાર રમવા નેપાલ,
તરેહ તરેહનાં શેકારો મારીને બહુ થાતો ખુશાલ.

જંગલી જનાંવરોનો એને બહુ કીધોતો શેકાર,
વાઘો અને હાથીબી કંઇ મારીઆ બેશુમાર.

તાંહાંથી આએઆ શાહાજાદો ફેટલો ઇંડોર,
માહારાજાને તાંહા ઊતરીને રેહુઆ દીન દોર

હીઆંથી નીકલેઆ શાહાજાદો મુંબઇ આવા,
મંનવાર શીરાપીશપર બેશી પોતાને વતંન જાવા.

ઠરાવ કીધો જાવા મારચની અગીઆરમીએ,
પરગટ કીધાં જાહેરનાંમાં મુંબઇના ગવરનરજીએ

મુંબઇની કારપોરેશન થાઇ માંન આપવા તઇયાર,
રસતાઓપર વાવટાઓ અને ફુલનો કરવા શીંગાર

સાંગારીઊતુ ચરચગેટનુ ઇશટેશન શુંદર,
તરેહવાર જાહાડોનાં કુંડાં ગોઠવેઆતાં તેપર.

†ગવરનર ને શરકારી અમલદારો થાયા જમાવ,
લશકરી સંપ્રનો પાલવા શુધી થાએઓ દેખાવ.

લોકોની ગીરદી પડી રશતાઓપર બેશુમાંર,
શાહાજાદાનાં દરશંન કરવા લોક રહીઊં ઇંતેજાર.

વખત ઊપરાંત ગાડી આવી ઇશટેશન ઊપર,
પેહલે ગએઓ ગાડી આગલ મુંબઇનો ગવરનર.

ખુશાલીનો લોકોએ ઊઠાવેઓતો પોકાર,
શઊને મલીને મંનવારપર જાવા થાઓ તઇઆર.

શરધસનાં આકારઓ લઇ ગીઆ ગોદીની અંદર,
બેસાડેઓ શુંદર માંડવાની બેઠક ઊપર.

તાંહાં બેશીને શરવેની લીધી ખુશીથી ભેટ,
શર જમશેદજી શાથ શેકીન લઇને બતાવીઊ હેત.

શીરાપીશ મંનવારપર જાવા થાએઓ તઇઆર,
ટોપોની સલાંમતી સાથે ખુશીનો ઊઠેઓ પોકાર.

પછે રાતે ગએઓ વાલકેશર સરકારી ખાંનુ ખાવા,
દશ વાગે આએઓ પોતાની મંનવારપર જાવા.

બારવંને ગીઆ ટાઊન કાંઊનશીલનાં મેમબરો,
મુંબઇની તરપ્રથી બીજું છેલુ આપા માંનપત્રો.

---

† એ વેલાનો મુંબઇનો ગવરનર શર ફીલીપ [illegible]
તથા હીંદુસથાંનજો વાઇશરાએ લારડ ના[illegible]ક હતો.

ડાશાભાઈફરાંમજીએ હીઆંબી વાંચીઉ માંનપતર,
બહુ ખુશી થાઈને એ માંનપતરનો દીધોતો ઉતર.

પછી ડાશાભાઈફરાંમજીને પેહેરાવેઓ રૂપાંનો ચાંન,
પોતાની મુશાફરીની એ શેઠને આપી નીશાંન.

ને કીધી એ શેઠને હેવી એલતેમાંશ,
કે જાહેર મીજલશોમો હેને પેહેડી જાવો ખાશ.

પછી એ શેઠે શાહાજાદાનો માંનેઓ ઉપકાર,
શરવે મેમબરો સાથ પાછા જાવા થાયા તઈયાર.

જમશેદજી ધનજીભાઈ બાડીઆ ગોદીનાં માસટર,
તેવંણે બનાંવેઓ ધારીપારીનો નમુનો શુંદર.

શાગલી લાકડાંનો બનાવેઓતો તમાંમ,
પોતાની ઈઆદગારીનુ તેપર કોટરાવીઉતુ નાંમ.

પછી શાહાજાદાને એ નમુનો એ શેઠે ભેટ કીધો,
ખુશી થાઈ એ શેઠનો ઉપકાર માંની લીધો.

ધનબાઈ તે અરદેશર વાહાડીઆની બેટી,
છે એ બાઈ ઈંગરેજી એલમ શીખેલી.

શાહાજાદા અને તેની બાંનુનો એને પાડેઓ ચીતાર
શુનેરી ફરેમમો જરી કીધોતો તઈઆર.

પછી ભેટ કીધી શાહાજાદાને એ શબી એ બાઈએ,
શાહાજાદાએ ઉપકાર માંનેઓ નમંનતાઈએ.

શાહાજાદાએ ફરી શર કાવશજીની ખબર પુંછી.
એક રૂપાંનો ચાંન સાથ પોતાની શબી મોકલાવી.

શર કાવશજીએ ફરી માંનેઓ શાહાજાદાનો ઊપકાર
આપા કહેઆ એલેકજાંનદ્રા ઇશકોલને વીશહજાર†
શાહાજાદાની ખુશાલીમો એ શખાવતનુ કીધુછે કાંમ,
કાએમ શુધી હુંનો જોડાશે શાહાજાદાનુ નાંમ.

શર જમશેદજી ગઆ શાહાજાદાની છેલી મોલાકાતે,
પોતાનાં તરણડે બેટાઓને લઇ ગીઆ સાથે.
શાહાજાદાએ એ શર શેઠીઆની મોલાકાત લીધી,
થોડો વખત શુધી પેઆરથી વાતો કીધી.

પછી શર જમશેદજીએ કીધીછે છેલી સલાંમ,
શાહાજાદાએ એ શરને પુરતુ આપીઊતુ માંન.
પછી તઇઆર થાઇ ઊપરવા શીરાપીશ મનવાર,
બાલવાપર લોકોની ગીરદી થાઇ બેશુમાર.

ઊપડતી વખતે શાહાજાદાને તોપનુ આપીઊ માંન,
ચાલતી મનવારે લોકને છેલી કીધી સલાંમ.
તેરમી મારચે‡ હીંદની મુશાફરી થાઇ તમાંમ;
તમાંમ થાએઓ હીંદમેથી શરવે દેર દમાંમ.

---

† પાછલથી આ રકમ વીશ લાખ પડી ગએલી સંભલાયચ.

‡ તા૦ ૧૩ મી મારચ ૧૮૭૬ ને દીને આ નામદાર શાહાજાદા પરીનસ આફ વેલસ તે હવેપછેનો આપણો [illegible]નો [illegible] ની હીંદની મુસાફરી પુરી કરી પોતાને વતન [illegible]વા નીકલીઆ હતો તે તા૦ ૧૨ મી મેઆ ૧૮૭૬ રે પોતાને મકાંને પુગો હતો.

શાહાજાદાની પધરામણી માટે જોડાયલાં ગાયણો.

(છોકરાંઓને જીઆપ્રત આવતી વખતે ગાવાને માટે નરમદાશંકર કવીએ ઇનામ મેલવીને જોડેલાં.)

પદ—રાગ ઠુમરી.

ભલે ભલે પધાર્યાજી આજ, ગુણિયલ રૂડા રાજવી—ભલે૦ ટેક.
દેશ વિદેશે તો દિપે, તેજવાળું માહા રાણીજીનું તાજ—ગુણિ૦
કુંવર તેના પાટવી, થશો આગળ અમારા રાજ—ગુણિ૦
હિંદુસ્થાને આવીયા, થાયે સંધે હરખના અવાજ—ગુણિ૦
રાજ પરોણા આપ છો, નથી સેવા સરીખા કંઈ સાજ—ગુણિ૦
હેતે આશિષ આપિયે, જસવંતા કરોજી રાજકાજ—ગુણિ૦

પદ.

ધન્ય ધન્ય ધન્ય ધન્ય, આજરે દિવાળી;
રાજવંશી પાટવિયે, આ ભૂમિ નિહાળી—ધન્ય૦

પશ્ચિમ હિંદુસ્થાન કેરાં, રાજ્યનગર માંહે;
મહારાણીનો પૂત વડો, સપગલે સુહાયે—ધન્ય૦

ઓચ્છવની ધામધૂમ, લોક ઉભરાયે;
બ્રિટિશ તાજ પેહેરનારો, કેવો તે જણાયે—ધન્ય૦

ઘેર ઘેર વારતામાં, પ્રિન્સને વખાણે;
હરખમાં વધારો કરે, ખાન પાન ગાણે—ધન્ય૦

—o—

શાહજાદા ઈંગલંડ પોંહચતાં તેમની બાનુએ તેમને વધાવી લેવાને કરેલી કીરીયા.

("ડાટરડું" નાંમનાં રમુજી પતર ઉપરથી ઉતારેલી કવીતા.)

ગઝલ.

"મયો માફી હવે સબ એક જા"—એ રાહ.

ભલે આયા—ખાવંદ મારા—હું બાનુ તુંજ—ખરી પયારી,
વધાવી લેઉંછ—ફુલ ઈંગલંડના—તરફથી, ચાહી-સુખાકારી.

સીરાપીસના—નીશાન મલતાંજ—ઉલટથી અહીં-થઇ હાજર,
રોશન તુંજ રુપ-ફરી જોઇ-દીલે ઉપજેછ હરખ ભારી.

બાલક ને બેશી તાગ સઉ-લેવા તુને-આયાંછિ અહીં,
હતી અમ દીલ-એકજ ઉંડી-જોવા તુને—ઈંતેજારી.

નહી દીન સાત-વીહીલો તુને-મુકેલો મેં-જોયા વગર,
એકેદમ સાત-મહીના વેર-જુદાઇ ખમી-જીગર બાલી.

મલીયો મને-જુદાઇનો-બદલો, તુને-સલામત જોઇ,
ફતેહ સાથે-વચે પરદેશ-ગમત ને સાહે-બી ગુજારી.

મુલક કરતાં-વધુ ફીકર-હતી તારી-જીંદગાનીની,
ટલી ને, થા-બા સુરખરૂ-બાલક, માતા-ભુમી તારી.

બની દાસી-કરી સેવા-ઉતમ, તારી-હીંદ ભુમીએ,
હવે તારૂં-વતન ઈંગલંડ-કરી બેઠું-છે તઇઆરી.

મોડે હસતે-મેલી કદમ-મુબારક આ-કીનારાપર,
રીજી રાજવ-સવદેશીને-પરસપર પરીત-દેખાડી.

.:.હવાલે-ઈંગલંડને-દીએ દુવા-દાતરડું જી,
માગે નહી જર-ચાહે એક એજ-દેતો ના હીંદ-ને વીસારી.

શાહજાદાએ પોતાની બાનુને મલયા પછી કહેલા સુખન.

ગઝલ.

ઓરતના ટોલામાં એક બાનુ તું છે,
ઓદાઈ ફુલ નયામતનું ખાનું તું છે.
ગર કરૂં સો હીસા ખરી ખુબસુરતીના,
ફકત એકમાથી આલમ, નવાણું તું છે.
ઈંગલંડનો તું સુરજ, ડેનમારકનો ચાંદ,
મુજ મોહબ્બત કચેરીનું થાણું તું છે.
જે જહવેરની જોડ નહી શાહી ખજાનામાં,
તે જહવેરનાં નંગોનું પાનું તું છે.
નહી બાનુજ મારી, પણ જીંદગાની તુંજ,
તે જીંદગીનો ખોરાક ને નાણું તું છે.
મોહબ્બતના આકાશમાં, ફુલે નાજનીન,
છે તારા, પણ વચે એક ભાનુ* તું છે.
જે કીધીછ મેં અને પરદેશમાં મોજ,
સઘીય બીંદુ તે સહુ મોજ મજાહનું તું છે.

સમાપત.

---

* ભાનુ એટલે સુરજ.